જન્મભૂમિ પ્રવાસી 7
મુંબઈ, રવિવાર, તા. ૩-૬-૨૦૦૭

# ભ્રષ્ટાચાર - યથા રાજા તથા પ્રજા

જશવંત મહેતા

એ તો નિર્વિવાદ હકીકત છે કે ઉપરના સ્તરના લોકોના વર્તનની અસર સમગ્ર સમાજ પર થાય છે. જાણીતી સંસ્કૃત ઉક્તિ પ્રમાણે 'યથા રાજા તથા પ્રજા'. લોકશાહીમાં રાજકીય વર્ગમાં જ સડો પેઠો હોય તો તેની અસર દરેક સ્તરે થાય એ હકીકત છે.

આપણે બ્રિટિશ શાસનપદ્ધતિ અપનાવી છે, પણ બ્રિટિશ શાસનપદ્ધતિએ ભ્રષ્ટાચાર રોકવા માટે જે પ્રણાલિકાઓ અપનાવી છે તેને આપણા રાજકારણીઓએ પોતાના સ્વાર્થ ખાતર તિલાંજલિ આપી છે. દા. ત. બ્રિટનમાં પ્રધાનમંડળની સંખ્યા વીસ પૂરતી જ સીમિત હોય છે, જ્યારે આપણે ત્યાં તો પ્રધાનમંડળ મુખ્ય પ્રધાન કે વડા પ્રધાનને પોતાનું સ્થાન ટકાવવા માટે પ્રધાનપદની લહાણી કરવા માટેનું સાધન બની ગયું છે. ઉત્તર પ્રદેશમાં એક સમયે પ્રધાનમંડળની સંખ્યા ૯૨ ઉપર પહોંચી હતી. લાલુપ્રસાદ વખતે બિહાર રાજ્યમાં ૩૪૨ વિધાનસભ્યોમાંથી ૬૭ વિધાનસભ્યોનો પ્રધાનમંડળમાં સમાવેશ થયો હતો. ૯૦ વિધાનસભ્યોમાંથી હરિયાણામાં ૩૩ જણને પ્રધાનપદનો લાભ મળ્યો હતો.

થોડા સમય પહેલાં આપણે ત્યાં ખૂબ ઊહાપોહ થયા પછી પ્રધાનમંડળ વિધાનસભાની કુલ સભ્યસંખ્યાના પંદર ટકા પૂરતું મર્યાદિત રાખવાનો સુધારો થયો છે.

બ્રિટન સિવાય અન્ય લોકશાહીને વરેલા દેશોએ પણ પ્રધાનમંડળની સંખ્યા સીમિત રાખી છે. અમેરિકામાં પ્રધાનમંડળની સંખ્યા ૧૫ની છે અને ઑસ્ટ્રેલિયામાં બંધારણ પ્રમાણે ૩૦ની મર્યાદા બાંધેલી છે. સંસદીય લોકશાહીને વરેલા જાપાનમાં પણ પ્રધાનમંડળની સંખ્યા બ્રિટનની જેમ ૨૦ છે અને વડા પ્રધાનને આ ૨૦માંથી પણ દસ સભ્યો સંસદ બહારથી લેવાની છૂટ આપવામાં આવી છે. જેથી પ્રતિભાશાળી, સ્વચ્છ રેકર્ડ ધરાવતી વ્યક્તિઓ જે રાજકારણથી દૂર રહેતી હોય તેનો લાભ દેશને પ્રાપ્ત થઈ શકે.

આ ઉપરાંત બ્રિટનમાં પ્રધાનમંડળ સિવાય કોઈ પણ સંસદસભ્ય કારોબારી હોદ્દો ધરાવી શકતો નથી, જ્યારે આપણે ત્યાં જે વિધાનસભ્યોને પ્રધાનમંડળમાં સમાવી ન શકાય તેઓને સંખ્યાબંધ સરકારી કોર્પોરેશનો (જેમ કે સ્ટેટ ફાઈનાન્સ કોર્પોરેશન, સ્ટેટ ઈલેક્ટ્રિસિટી બોર્ડ, હાઉસિંગ બોર્ડ, ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન વગેરે)ની અધ્યક્ષગીરી આપીને સંતુષ્ટ (!) રાખવામાં આવે છે. આ હોદ્દા ઉપર તેઓ લગભગ પ્રધાન જેટલી જ સત્તા ધરાવે છે. આખું તંત્ર એવી રીતે ઊભું કરવામાં આવ્યું છે કે લૂંટ ચલાવવાની પૂરેપૂરી તકો સત્તાધારી પક્ષને પ્રાપ્ત થઈ રહે.

આપણે ત્યાં પ્રધાનોમાં ફેલાયેલા ભ્રષ્ટાચારની તપાસમાં એક સત્ય એ બહાર આવ્યું છે કે વડા પ્રધાન કે મુખ્ય પ્રધાનને યા તો જાણીજોઈને યા તો મજબૂરીથી આંખ આડા કાન ધરવા પડે છે અને જ્યારે વિરોધ પક્ષ સત્તા પર આવે ત્યારે જ આ બધી ગેરરીતિઓ યા ભ્રષ્ટાચારની હકીકતોની નિષ્પક્ષ તપાસ આરંભવાનો પ્રયાસ થાય છે. આની તુલનામાં અમેરિકાએ અપનાવેલી પ્રમુખીય પદ્ધતિની લોકશાહીમાં સામાન્ય રીતે પ્રધાનોની પસંદગી સમાજના સર્વોચ્ચ બુદ્ધિશાળી વર્ગમાંથી કરવામાં આવે છે ત્યાં ભ્રષ્ટાચારની શક્યતાની માત્રા જરૂર ઓછી હોય છે: આવી વ્યક્તિઓની નિમણૂક તેમના પોતાના ક્ષેત્રની કામગીરી, જે સૌની નજર સામે હોય છે એ લક્ષમાં લઈને થતી હોય છે.

આ ઉપરાંત ઉપર જણાવ્યા પ્રમાણે ભ્રષ્ટાચારી પ્રધાનોનાં કુકર્મોની તપાસ ઢાંકવાનો પ્રયાસ થવાનો સંભવ ઘણો ઓછો છે, કારણકે આ પ્રધાનો રાજકીય પક્ષોની સાથે બહુધા સંકળાયેલા નથી હોતા, જેથી રાજકારણીઓ પોતે પણ આ પ્રધાનોની કામગીરીની વધારે તટસ્થતાથી સમાલોચના કરી શકે છે. આ ઉપરાંત આપણી સંસદીય લોકશાહીમાં પ્રધાનોને પક્ષ માટે ભંડોળ ઊભું કરવાનું જે મોટું બહાનું (કે તક ?) સાંપડતું હોય છે તેનો પ્રમુખીય લોકશાહીમાં અવકાશ રહેતો નથી.

રાજાજીએ જે ૧૯૨૨માં સ્વરાજ્ય મેળવ્યા બાદ આપણને પ્રાપ્ત થનાર શાસનની આગાહી કરી હતી તે જોવા જેવી છે. રાજાજીએ કહેલું : 'આપણે સૌએ જાણવાની જરૂર છે કે સ્વરાજ્ય આવવાથી એકદમ અથવા ઘણા લાંબા સમય સુધી પણ આપણી પ્રજાની સુખાકારી માટે વધારે સારી સરકાર આવવાની નથી. ચૂંટણીઓ અને તેની સાથે ભ્રષ્ટાચાર, અન્યાય, સત્તાનો મદ અને ધનપ્રાપ્તિ સાથે સંકળાયેલો જુલમ આ બધું જેવું સ્વાતંત્ર્ય પ્રાપ્ત થશે કે આપણી પ્રજાની હાલત બદતર થશે. લોકો ખેદ સાથે આગલા (બ્રિટિશ) શાસનને

(અનુસંધાન પૂર્તિ પાનું ૬)

(પૂર્તિના પાના ૭થી ચાલુ) ભ્રષ્ટાચાર - યથા...

યાદ કરશે કે નવા શાસનની સરખામણીમાં વધારે ન્યાયી, શાંત, કાર્યદક્ષ અને પ્રામાણિક લાગશે. ફક્ત એક વાતનો આપણને સંતોષ રહેશે કે આપણે એક પ્રજા અને દેશ તરીકે પરદેશી પ્રજાની ગુલામી ભોગવવામાંથી છુટકારો મેળવ્યો હશે.' ભ્રષ્ટાચારને કોઈ પણ શાસનપદ્ધતિમાં સંપૂર્ણપણે નાથવો એ અશક્ય છે, પણ અંકુશો અને સમતુલાથી એને નાથવામાં સફળતા ચોક્કસ પ્રાપ્ત થાય છે.

દેશમાં ફાલેલા ભ્રષ્ટાચારને અંકુશમાં લાવવા માટે થોડા દિવસ પહેલાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોએ આક્રોશ વ્યક્ત કરી ભ્રષ્ટાચારીઓને જાહેરમાં (લાઈટના થાંભલા ઉપર) ફાંસી આપવાનું સૂચન કર્યું હતું, પણ આજે મોટા ભાગના સરકારી નોકરો કે રાજકારણીઓ માટે લાંચ લેવી એ સામાન્ય બની ગયું છે અને આ વર્ગમાંથી પ્રામાણિક વ્યક્તિઓ શોધવી મુશ્કેલ થતી જાય છે ત્યારે આવા સૂચનનો અમલ કરવા જતાં તો આખા મુંબઈના બધાં જ સ્ટ્રીટ લેંપો પણ ઓછા પડશે! કોઈક કમનસીબ ભ્રષ્ટાચારી સી.બી.આઈ. કે એન્ટિ કરપ્શન બ્યૂરોની જાળમાં ફસાઈ જાય છે અને અખબારોને છાપવાના ખબર મળી જાય છે!